
# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઊજવણી



ગાંધીનગર, તા. ૨૩

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ૨૧, જૂન ૨૦૨૦ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઊજવણી કરવામાં આવી હતી. યોગાચાર્ય વિરલ રાવલના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના તમામ અધ્યાપકો, કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ સપરિવાર પોતપોતાના નિવાસસ્થાને યોગાભ્યાસ કર્યો હતો. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ ફેસબુક પર કરવામાં આવ્યું હતું, જેમાં ૭૦૦ લોકો જોડાયા હતા.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ પ્ર. શાહે યુનિવર્સિટી કેમ્પસમાં યોગાભ્યાસ કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન યુનિવર્સિટીના ફિઝીકલ એજ્યુકેશન વિષયના સહાયક અધ્યાપક ડૉ. શિલ્પા વાળાએ કર્યું હતું. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ પ્ર. શાહે કાર્યક્રમના અંતમાં સૌને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શુભકામનાઓ પાઠવી હતી અને સૌ નિરોગી રહે, સ્વસ્થ રહે એવી કામના કરી હતી.

### આત્મનિર્ભર ભારતનાં નિમાર્ણમાં વિદ્યાર્થીઓની ઉત્તમ કારકિંદીનાં ઘડતર માટે

# ફાયર ટેક્નોલોજી એન્ડ સેફટીનું ક્ષેત્ર હોટ ફેવરિટ પુરવાર થશે

**જીપીએસસીની પણ માન્યતા પ્રાપ્ત ડિગ્રી કોર્સમાં સરકારી નોકરીની ઉત્તમતક**

ગાંધીનગર, તા. ૨૩

વૈશ્વિક મહામારી કોવિડ-૧૯નો દ્રઢતાથી અને સફળતાપૂર્વક સામનો કરી રહેલો ભારત દેશ સંપૂણપણે આત્મનિર્ભર થવાનું લક્ષ્ય ધરાવે છે. વૈશ્વિકીકરણ અને ઔદ્યોગિકીકરણનાં વધતા વ્યાપ અને કોવિડ-૧૯ પછી બદલાયેલી વૈશ્વિક અર્થવ્યવસ્થામાં ભારતની મહત્વની ભૂમિકા હશે. નવા સંજોગોમાં કારકિર્દીનાં ઘડતર માટે ઉદભવી રહેલા ટોચનાં ક્ષેત્રોમાં ફાયર ટેક્નોલોજી એન્ડ સેફટીનું સ્થાન પણ ટોચ પર રહેશે.

ઔદ્યોગિકકીરણ અને બાંધકામની પ્રવૃત્તિઓ એમ તમામ ક્ષેત્રોમાં ફાયર ટેક્નોલોજી એન્ડ સેફટી અનિવાર્ય અંગ છે. ફાયર ટેક્નોલોજી એન્ડ સેફટી એકમાત્ર એવું ક્ષેત્ર છે કે જેમાં વિદ્યાર્થી આત્મનિર્ભર બનીને સ્વરોજગારી મેળવી શકે છે કે સરકારી કે ખાનગીક્ષેત્રોમાં આકર્ષક પગારની નોકરી પણ મેળવી શકે છે.

ભારતમાં ફાયર ટેક્નોલોજી એન્ડ સેફટીનાં ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ પુરું પાડતી જૂજ સંસ્થાઓ છે. છેલ્લા ૧૯ વર્ષથી કાર્યરત કોલેજ ઓફ સેફટી એન્ડ ફાયર ટેક્નોલોજી (સીઓએસએફટી) ટોચ પર છે. ધો.૧૨ સાયન્સ પછી વિદ્યાર્થીઓને ફાયર ટેકનોલોજી એન્ડ સેફટીનાં ક્ષેત્રમાં ઉત્તમ કારકિર્દી બનાવવાની તક ઉપલબ્ધ છે. ગુજરાતમાં અમદાવાદ જિલ્લામાં ઓટોમોબાઈલ હબ તરીકે ઓળખાતા સાણંદ ખાતે આવેલી કોલેજ ઓફ સેફટી એન્ડ ફાયર ટેક્નોલોજી (સીઓએસએફટી) ભારતની એકમાત્ર એવી સંસ્થા છે કે જયાં વિદ્યાર્થીને ગુજરાત યુનિવર્સિટીની B.Sc. (Fire & Safety) ડિગ્રી મળે છે. ગુજરાતના કે ગુજરાત બહારના વિદ્યાર્થીઓને રહેવા માટે સંસ્થામાં હોસ્ટેલની સુવિધા પણ ઉપલબ્ધ છે. ફાયર અને સેફટીના ક્ષેત્રમાં સો ટકા પ્લેસમેન્ટનો રેકોર્ડ ધરાવતી આ સંસ્થાની વધુ વિગતો તેની વેબસાઈટ www.collegeoffiretechnology.com પર પણ ઉપલબ્ધ છે.

કોલેજ ઓફ ફાયર ટેકનોલોજીનાં એડમિશન માટે ધો.૧૨ સાયન્સમાં ઉતીર્ણ થયેલા વિદ્યાર્થીઓ અરજી કરી શકે છે. આ સંસ્થામાં પ્રવેશ માટે અરજી કર્યા બાદ એન્ટ્રન્સ ટેસ્ટ લેવામાં આવે છે. A ગ્રુપ અને B ગ્રુપમાં ધો.૧૨ સાયન્સ પાસ થયેલા વિદ્યાર્થીઓ અરજી કરી શકે છે. અરજી કર્યા બાદ ઈન્ટરવ્યુની પક્રિયા ચાલે છે. કોલેજ ઓફ સેફટી એન્ડ ફાયર ટેકનોલોજીમાં B.Sc. (Fire & Safety) માં એડમીશન માટે જે તે રાજયમાં માન્ય એજયુકેશન બોર્ડ ઉપરાંત CBSEનાં ધો.૧૨ સાયન્સ પાસ વિદ્યાર્થીઓ પણ અરજી કરી શકે છે.

છેલ્લા ૧૯ વર્ષથી કાર્યરત કોલેજ ઓફ ફાયર ટેકનોલોજીમાં અત્યાર સુધીમાં ૫૫૦૦થી ૬૦૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થઈને ભારત અને વિદેશમાં પ્રતિષ્ઠિત કંપનીઓમાં ફાયર અને સેફટી ઓફિસર તરીકે નોકરીએ લાગ્યા છે. ગુજરાત સરકારની જીપીએસસી એ પણ આ કોર્સને માન્યતા આપી હોવાથી આકર્ષક સરકારી નોકરીની તક ગુજરાત રાજ્યમાં પણ રહેલી છે. કોલેજ ઓફ ફાયર ટેકનોલોજીમાં ઉપલબ્ધ B.Sc. (Fire & Safety)ની ડિગ્રીનો સમયગાળો ૩ વર્ષનો છે. સંસ્થાનું કેમ્પસ અત્યાધુનિક અને સારી આંતરમાળખાકીય સુવિધાઓથી સજજ છે.

સીઓએસએફટીમાં ધો.૧૦ અને ધો. ૧૨ (કોમર્સ) પછી G.C.V.T. (ગાંધીનગર) દ્વારા માન્યતા પ્રાપ્ત I.T.I. (Fireman) નો એક વર્ષનો અભ્યાસ ક્રમ પણ ચલાવવામાં આવે છે. આ અભ્યાસક્રમમાં પણ આકર્ષક રોજગારીની તકો રહેલી છે.

કોલેજ ઓફ સેફટી એન્ડ ફાયર ટેકનોલોજી ISO 9001 - 2015 પ્રમાણિત સંસ્થા છે. કોલેજ ગ્રેજયુએશન પછી ઉચ્ચ અભ્યાસ માટે વિદેશની યુનીવસિર્ટીમાં M.Sc. કોર્ષમાં પ્રવેશ મેળવી શકાય છે અને રોજગારીની તકો ઉપલબ્ધ છે.

# બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ઓનલાઈન આઈડિયાથોન યોજાઈ

વલ્લભ વિદ્યાનગર, તા. ૨૩

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે SSIP Cell તથા TEQIP-III અંતર્ગત તા.૨૦/૦૬/૨૦૨૦ ના રોજ ઓનલાઈન ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા 'આત્મનિર્ભર ભારત' થીમ પર આઈડિયાથોન યોજાઈ. જેના ઉદઘાટન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે શ્રીમતી અંજુ શર્મા (IAS,Principal Secretary,Education Department Govt. of Gujarat), એન્જીનીયર ભીખુભાઈ પટેલ (અધ્યક્ષ,ચારુતર વિદ્યામંડળ), ડૉ.નવીન શેઠ (વાઈસ ચાન્સેલર, જીટીયુ), ડૉ. ઈંદ્રજિત એન.પટેલ (પ્રિન્સિપાલ, બીવીએમ), ડૉ. ભાર્ગવ ગોરડિયા (નોડલ ઓફિસર, SSIP Cell, બીવીએમ), ડૉ.રાજવીરસિંહ રાણા (કોર્ડીનેટર, SSIP Cell, બીવીએમ), ડૉ.કૌશિકા પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ઈવેન્ટ ની શરૂઆત પ્રાથર્નાગીત થી કરવામાં આવી હતી.ડૉ.કૌશિકા પટેલે ઉપસ્થિત મહાનુભાવોનો પરિચય આપ્યો હતો.સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે સૌનું અભિવાદન કર્યું હતું તેમણે જણાવ્યું હતું કે બીવીએમ તેની ૭૨ વર્ષની સફરમાં પરિવર્તન સાથે કદમ મિલાવતા વર્તમાન સમયમાં તેનો ભવ્ય વારસો જાળવી રાખ્યો છે તથા સફળતાના શિખરો સર કરવામાં માં જે ઊંચાઈ હાંસલ કરી છે તેના પાયા માં બીવીએમ ના ફાઉન્ડર્સ તથા ચારુતર વિદ્યામંડળ નો સપોર્ટ મુખ્ય છે. તથા ઉપરોક્ત ઈવેન્ટ માટે માનનીય શિક્ષણમંત્રી શ્રી.ભુપેન્દ્રસિંહ ચુડાસમા તથા ડૉ.પી.એમ.ખોડકે (Central Project Advisro,NPIU) નો આભાર વ્યક્ત કર્યો હતો બીવીએમ ખાતે રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ક્ષેત્રેઅધ્યાપકો તથા વિદ્યાર્થીઓ SSIP, DST, UGC, AICTE તથા વલ્ડબેન્ક દ્વારા ફંડેડ પ્રોજેક્ટ્સ પર કાર્યરત છે.બેસ્ટ પ્રેક્ટિસીસ ઈન ટેક્નિકલ એજ્યુકેશનને ધ્યાન માં રાખીને બીવીએમ ખાતે ઈન્ટરનેશનલ સિમ્પોઝિયમ, વેબિનાર્સ, ટ્રેનિંગ પ્રોગ્રામ્સ વર્કશોપ્સ, ઈન્ટરનેશનલ કોન્ફરન્સ તથા દરેક શનિવારે લર્નિંગ બેયોન્ડ કરીક્યુલમને ધ્યાનમાં રાખીને એક્સપર્ટ ટૉકનું આયોજન કરવામાં આવે છે.



# નવનિયુક્ત લોકાયુક્ત જસ્ટીસ રાજેશ શુક્લાનો શપથવિધિ યોજાયો




ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતે આજે સવારે રાજભવનત ખાતે જસ્ટીસ રાજેશ એચ. શુકલા (નિવૃત્ત)ને લોકાયુક્ત તરીકે હોદ્દાના શપથ લેવડાવ્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, રાજય વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી, રાજય મંત્રીમંડળના સભ્યો સહિત નિવૃત્ત ન્યાયાધીશો, ધારાશાસ્ત્રીઓ, મુખ્ય સચિવ અનિલ મુકીમ, રાજય સરકારના વરિષ્ઠ સચિવો, અધિકારીઓ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# ગણપત યુનિવર્સિટી દ્વારા વિશેષ વ્યાખ્યાનનું ઓનલાઈન આયોજન

**કેન્દ્રના રાજયકક્ષાના મંત્રી મનસુખ માંડવિયા વિશેષ વ્યાખ્યાતા તરીકે ઓનલાઈન ઉપસ્થિત રહ્યા તો યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ કેલિફોર્નિયા - યુએસથી સીધા જ જોડાયા**



ગણપત વિદ્યાનગર, તા. ૨૩

આજથી પાંચેક વર્ષ પહેલા ગણપત યુનિવર્સિટી દ્વારા ઉજવાયેલા એના દશાબ્દિ - વર્ષને અનુલક્ષીને શરુ કરવામાં આવેલી 'વિશેષ વ્યાખઅયાન શ્રેણી' (Distinguished Lecture Series)ના વધુ એક મણકા સ્વરુપે ગઈ તા. ૨૦મીના રોજ 'આત્મનિર્ભર ભારત અભિયાનમાં યુવાનોની ભૂમિકા' વિષય ઉપર એક 'વિશેષ વ્યાખ્યાનનું' ઓનલાઈન (વેબીનાર) આયોજન કરવામાં આવ્યું હતું.

આ અવસરે આપણી કેન્દ્ર સરકારના રાજયકક્ષાના મંત્રી (શિપિંગ અને કેમિકલ - ફર્ટીલાઈઝર) મનસુખ માંડવિયા 'વિશેષ વ્યાખ્યાતા' તરીકે ખાસ - ઓનલાઈન ઉપસ્થિત રહ્યા હતા.

ગણપત યુનિવર્સિટીના પ્રધાન-દાતા અને પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલે પણ કેલિફોર્નિયા - અમેરિકાથી આ વેબીનારમાં ઓનલાઈન જોડાઈને એમના સ્વાગત પ્રવચમાં યુવા વિદ્યાર્થીઓ, વિદ્વાન પ્રાધ્યાપકો અને મહેમાન મહાનુભાવોને સંબોધતા આત્મનિર્ભર ભારતના નિર્માણમાં યુવાનોની ભૂમિકા વિષે વિશદ્ છણાવટ કરી હતી.

આ વેબીનારના વિશેષ વ્યાખ્યાતા કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયાએ પ્રારંભે આ અભિયાન શું છે તેની વાત કરી હતી. એમણે વધુમાં કહ્યું હતું કે 'આત્મનિર્ભર ભારત'નું પોતાનું 'વિઝન' આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રથમ વખત ત્યારે જાહેર કર્યું હતું જયારે એમણે કોરોના મહામારી સંદર્ભે ૧૨મી મેના રોજ 'ઈકોનોમીકિ પૅકેજ' જાહેર કર્યુ. મનસુખ માંડવિયાએ વધુ સ્પષ્ટતા કરતા એમ પણ કહ્યું હતું કે આત્મનિર્ભરતા એટલે 'પ્રોટેક્ટનિસ્ટ' થઈ જવું એવું નહીં, અને એવું પણ નહીં જગત આખાથી આપણે વિખુટા પડી જવું. વિદેશના સીધા રોકાણો આવકાર્ય છે. ટેકનોલોજી પણ આવકાર્ય છે. આત્મનિર્ભર ભારત એટલે વૈશ્વિક અર્થતંત્રમાં વધુ મોટી અને વધુ મહત્વની ભૂમિકા.

# મેડિકલ સાયન્ટિફિક સંશોધન અંગે વેબિનાર યોજાયો

**સંશોધનમાં થતા ગેરવર્તન (રિસર્ચ મિસકંડક્ટ ) અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી : રિસર્ચ મિસકંડક્ટએ એક મોટું દુષણ છે**

ગાંધીનગર, તા. ૨૩

હેલ્થ સાયન્સ લાઈબ્રેરી એસોસિએશન અને મેડિકલ એજ્યુકેશન યુનિટ, સી.યુ.શાહ મેડિકલ કૉલેજ, સુરેન્દ્રનગરના સંયુક્ત ઉપક્રમે તેમજ એબ્સકોના સહયોગથી રાષ્ટ્રીય સ્તરનો વેબિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં ૨૦૦થી પણ વધારે હેલ્થ પ્રોફેશનલ્સએ ભાગ લીધો હતો. વેબિનારમાં હેલ્થ કેર પ્રોફેશનલ્સનું સ્વાગત કરતા સી.યુ. શાહ મેડિકલ કૉલેજના ચીફ લાયબ્રેરિયન ડૉ. શામજીભાઈ પરમારે જણાવ્યું હતું કે હાલની કોવિડ-૧૯ ની પરિસ્થિતિમાં, આપણા સ્વાસ્થ્ય સંભાળ રાખતા વ્યવસાયિકોને સચોટતા સાથે યોગ્ય સમયે માહિતી સ્રોત ઉપલબ્ધ કરવા માટે આરોગ્ય વિજ્ઞાનના ગ્રંથાલયોની ભૂમિકા મહત્વપૂર્ણ છે. આપણે બધા જાણીએ છીએ કે નવી સારવાર શોધવામાં સંશોધન મહત્વની ભૂમિકા છે, તેથી જ તો આરોગ્ય સંશોધન સમાજ માટે ઉચ્ચ મૂલ્ય ધરાવે છે. તે રોગના વલણો અને જોખમના પરિબળો, સારવારના પરિણામો અથવા જાહેર આરોગ્ય, કાર્યાત્મક ક્ષમતાઓ અને સંભાળ વિશેની મહત્વપૂર્ણ માહિતી પ્રદાન કરે છે.



વેબિનારના મુખ્ય રિસોર્સ પરસન ડૉ.સંજય મેહતા, એકેડેમિક ડીન, સી.યુ. શાહ મેડિકલ કૉલેજ, સુરેન્દ્રનગર એ જણાવ્યું હતું કે મેડિકલ અને હેલ્થ સાયન્સ ફિલ્ડમાં વૈજ્ઞાનિક અભિગમથી સંશોધનએ એક મુશ્કેલ ટાસ્ક છે. ડૉ. મહેતાએ એનાટોમી ઓફ સાયન્ટિફિક પેપર વિશે વિસ્તૃત પ્રેઝન્ટેશન કર્યું હતું. જેમાં, વૈજ્ઞાનિક પેપર એટલે શું? તેમાં કયા ઘટકો અને રચનાઓ શામેલ છે? શીર્ષક શું હોવું જોઈએ? એક એબ્સ્ટ્રેક્ટ અને પરિચય કેવી રીતે લખો? કઈ વૈજ્ઞાનિક સંશોધન પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ? પરિણામો અને ચર્ચા કેવી રીતે રજૂ કરવી? નિષ્કર્ષ, સ્વીકૃતિ, સંદર્ભો અને સંશોધન નીતિશાસ્ત્રનું (રિસેર્ચ એથિક્સ ) શું મહત્વ છે? વગેરે અંગે માહિતી પુરી પાડી હતી. વૈજ્ઞાનિક અભિગમથી સંશોધન કેવી કરી શકાય તેનું વિસ્તૃત રીતે અને સરળ શૈલી સમજાવ્યું હતું.

ડૉ.સંજય મહેતાએ સંશોધનમાં થતા ગેરવર્તન (રિસર્ચ મિસકંડક્ટ ) અંગે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે રિસર્ચ મિસકંડક્ટ એક મોટું દુષણ છે, જેમાં બનાવટી (ફેબ્રીકેશન), ખોટી વાતો (ફાલ્સીફીકેશન), લખાણચોરી (પ્લેજિયારીઝમ) તેમજ ઈરાદાપૂર્વક મૂળ રૂપનું નવા સ્વરૂપે પ્રસ્તુત કરવામાં આવે છે! સાચા સંશોધકે હંમેશા આ બાબત થી દૂર રહેવું જોઈએ.

# વિશ્વ સંગીત દિવસની સ્મિત મ્યુઝિકની સોશ્યિલ ડિસ્ટન્સ સાથે સંગીતમય ઉજવણી







ગાંધીનગર, તા. ૨૩

વિશ્વ સંગીત દિવસ દર વર્ષે ૨૧મી જૂને ઉજવાય છે. ગાંધીનગરની સંગીતને સમર્પિત અને યુવા અને નવા અવાજ માટે સતત કાર્યરત સંસ્થા સ્મિત મ્યુઝિક દ્વારા વિશ્વ સંગીત દિવસની કોરોના મહામારીના સમયમાં સોશિયલ ડિસ્ટન્સ અને સલામતી સાથે કોરોનાની કાળજી લેતા સેનેટાઈઝર, માસ્ક, અને સોશિયલ ડિસ્ટન્સનું પૂરું ધ્યાન રાખીને સુઆયોજન કરવામાં આવ્યું હતું.

મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી શીર્ષક સાથે, જેમાં 'મા' એટલે માતૃભાષા અને 'રા' એટલે રાષ્ટ્રભાષા એમ ગુજરાતી અનો હિન્દી ગીત ગઝલનો ઓરકેસ્ટ્રા સાથે માત્ર મર્યાદિત સભ્ય સંખ્યામાં અનો મુખ્ય મહેમાન પદે ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતને આમંત્રણ આપવામાં આવ્યું હતું. એમણે ફાધર ડે, યોગા જે, સંગીત દિવસ અને સૂર્યગ્રહણ સાથે સંગીતના સમન્વયની રસપ્રદ વાતો કરી હતી ચિરાગ સોનીના સંગીત સંચાલનમાં કાર્યક્રમનું સંચાલન ભરત ગજ્જરે કર્યું હતું.

ગુજરાતી અને હિન્દી ગીત ગુલરસ્તામાં સતુભા રાઠોડ, પરેશ ત્રિવેદી, ધર્મેન્દ્ર ગજ્જર, રિઝવાન, દેવાનંદ ઘોડકે, સુરેશ પરાર, રાજેશ પરમાર, નીરવ દવે, અતુલ દવે, ઝલક ત્રિવેદી, રાજેશ્રીબોન, હર્ષાબહેન, જયોતિ અનો ભરત ગજ્જરે એકએકથી ચડિયાતા ગીત પ્રસ્તુત કર્યા હતા. તથા કાર્યક્રમમાં યોગ, ફાધર ડેની શુભેચ્છા તેમજ આ કપરા સમયમાં મૃતક કોરોનાગ્રસ્ત તેમજ આમ દિવંગત આર્ટીસ્ટો ઈરફાન ખાન, વાજીદખાન, રિષીકપૂર, સુશાંતસિંહનો શ્રદ્ધાંજલિ અપાઈ હતી.

## ડાયરેક્ટ ❤ સે

"અનુભવ" કહે છે
'મૌન જ વધારે સારું છે...'
કેમ કે,
'શબ્દોથી" લોકો
'રિસાઈ વધારે જાય છે...'


## જન્મદિને વધામણી



બળવંતરાય જે. શુક્લ
નિવૃત્ત આચાર્ય, સે.૨૮
મો. ૯૮૨૪૫ ૬૬૯૬૮



પુષ્પાબેન પરમાર
આશાપુરા ગૃપ
મો. ૯૯૨૪૧ ૨૮૪૦૫



રશ્મિ મીતેષ મોદી



યશ પટેલ



હાર્દિક સંજયકુમાર શાહ
મો. ૯૭૧૨૯ ૪૪૭૩૧